પ્રકાશક

શ્રી સ્નેહી મીત્રમંડળ.

માંડળ (તાલુકા વીરમગામ).

શાંત સુધારસ સ્તવન સંગ્રહ.

મુલ્ય બે આના.

ગ્રંથાંક ૧ લો.

॥ શ્રી ॥

શાંતસુધારસસ્તવનસંગ્રહ

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી સ્નેહ મીત્રમંડળ તરફથી

વહોરા. શકરચંદ ડાહ્યાભાઈ.

મુ. (માંડળ.)

અમદાવાદમાં,
ત્રણ દરવાજા પાસે આવેલા ધી રત્નસાગર પ્રીન્ટીંગ
પ્રેસમાં શા. અમરતલાલ જેશીંગભાઈએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦
સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીંમત ૦-૨-૦

સરસ્વતીની સ્તુતી.

વંદન મન પ્રણયસંગ, સ્વામી ભારતી;
તવ પ્રભાજ વિમળજ્ઞાન, વાણી વાકમતી.
નીલકંઠ વાહને, સદા વીરાજતી;
હસ્ત વીણા ધારણી, મૃદુગીત્ કલાવતી. વંદન.૧
મધુર તંત્ર રણીત સંગ, ધ્વની વિકાસતી;
આપ નિત્ય હૃદય વિમળ, સત્ય સન્મતી
કરતું દેવી બુદ્ધિ, સુધારસથી રસવતી;
મંગલ નવ વાસ હજો, જ્ઞાન અર્પંતી. વંદન. ૨
તવ પ્રભાની દ્રષ્ટિ હજો, હે પ્રભાવતી;
ગર્ક રહો તે મહી, રસના સદા અતી.
જ્ઞાન ભાસ ઊજવલ, કર સુદ્ધ ભાસ્વતી;
વંદન મન પ્રણયસંગ, સ્વામી ભારતિ. ૩

શ્રી શાંત સુધારસ

સ્તવન સંગ્રહ.

આદિજીન ચૈત્યવંદન.

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જીનરાજ નમો; પ્રથમ જીનેશ્વર પ્રેમે પેખત, સિદ્ધાં સઘળાં કાજ નમો. અ૦ ૧ પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાસી અકલંક નમો; અજર અમર અદ્‌ભુત અતિશય નિધિ, પ્રવચન જલધિ મયંક નમો. અ૦ ૨ તિહુયણ ભવિયણ જીણ મય વંછિય, પૂરણ દેવ રસાલ નમો; લલિ લલિ પાય નમું હું ભાવે, કરજોડીને ત્રિકાલ નમો. અ૦ ૩ સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયના નંદન દેવ નમો; સકલ સુરાસુર નરવર નાયક, સારે અહનિશ સેવ નમો. અ૦ ૪ તું તીર્થંકર સુખકર સાહેબ, તું નિઃકારણ બંધુ નમો; શરણાગત ભવિને હિત વત્સલ, તુંહિ કૃપા-રસ સિંધુ નમો. અ૦ ૫ કેવલ જ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો; નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬ જગ ચિંતામણિ જગગુરૂ જગહિત, કારક જગ જન નાથ નમો; ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭ અશરણ શરણ નીરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો; બોધિ દીઓ અનુપમ દાનેશ્વર, જ્ઞાન વિમલસૂરીશ નમો. અ૦ ૮

સ્તવનો.

કેશરીઆજીનું સ્તવન ૧.

કેશરીઆકો દરશન કરનેકું આયો, હાંરે મન મેરો અતીઉલસાયો. કેશરીઆકો૦ ૧ નાભી નરેશર વંશ પ્રકાશક, માતા મારૂદેવા માયો; વૃષભ લંછન ધર ચરણ કમલમે, મન મધુકર લપટાયો. કેશરીઆકો૦ ૨ સુધા પરીશહ શહકે સ્વામી, કેવળ પદવી પાયો; હેત ધરી માતાને દીધો, દીન દયાળ કહાયો. કેશરીઆકો૦ ૩ ફુલમાલ ફુલ દેહ સાહીબ, ઊંબર રંગ ગમાયો; ત્રિકરણ સહકર પુજા કરતાં, લકેશર સુખ પાયો. કેશરીઆકો૦ ૪ કીર્તિ મોટી સુનકે આયો, મનમેં હરખ ભરાયો; મોહની મુરત નયણે નીરખી, હૃદય કમળ વિકસાયો. કેશરીઆકો૦ ૫ કલયુગ મેએ અનુપમ તિરથ, સુરનર મુનીજન ધ્યાયો; પરચા પુરે ચીંતા ચુરે, નામ સદા સુખદાયો. કેશરીઆકો૦ ૬ સંવત ઓગણસેચાર ફાગુણ માસે, સુદી બારસે ગુણ ગાયો; સંઘ પ્રતાપે પ્રભુકું ભેટ દીનદીન હરખ સવાયો. કેશરીઆકો૦ ૭

શ્રી પાંચ પરમેશ્વર સ્તવન ૨.

(રાગ પ્રભાતી)

પંચ પરમેશ્વરા પરમ અલવેશ્વરા, વિશ્વ વાલેશ્વરા વિશ્વ વ્યાપી; ભક્તવત્સલ પ્રભુ ભક્ત જન ઉદ્ધરી, મુક્તિ પદ જે દિયે કર્મ કાપી. પંચ૦ ૧ વૃષભ અંકિત પ્રભુ ઋ-ષભ જિન વંદિયે, નાભિ મરૂદેવીનો નંદ નીકો; સંતતિ

બ્રાહ્મીનો તાત ભુવનંતરે, મોહમદ ભંજણો મુક્તિ ટીકો. પંચ૦ ૨ શાંતિપદ આપવા શાંતિપદ થાપવા, અદ્ભુત કાંતિ પ્રભુ શાંતિ સાચો; મૃગાં કધારા પતિ સૈન્યથી ઉદ્ધરી, જગપતિ જે થયો જગત જાચો. પંચ૦ ૩ નેમિ બાવીશમો શંખ લાંછન નમો, સમુદ્રવિજયાંગ જેનંગ જીતી; રાજકન્યા તજી સાધુ મારગ ગ્રહી, જીત જેણે કરી જગવદીતી. પંચ૦ ૪ પાર્શ્વ જિનરાજ અશ્વસેન કુલ ઉપના, જનની વામા તણો જેહ જાયો; આજે ખેટક પુરે કાજ સાધ્યાં સવે ભીડ ભંજન પ્રભુ જેહ કહાયો. પંચ૦ ૫ વીર મહાવીર સર્વ વીર શિરોમણિ, રણવટા મોહ ભટ માન મોડી; મુક્તિ ગઢ વાસિયો જગત ઉપાસીયો, નાથ નિત્ય વંદિયે હાથ જોડી. પંચ૦ ૬ માત ને તાત અવદાત જિન દેવનાં, ગામને ગોત્ર પ્રભુ નામ સુણતાં; ઉદય વાચક વદે ઉદય પદ પામિયે, ભાવે ભગવંતનાં સ્તવન ભણતાં. પંચ૦ ૭

શ્રી અષ્ટાપદજીનું સ્તવન ૩.

અષ્ટાપદ અરિહંતજી, મારા વાલાજીરે; આદીશ્વર અવધાર, નમીયે નેહશું. મારા૦ દશહજાર મુનિંદશું, મા૦ વરિયા શિવવધુ સાર; નમીયે૦ ૧ ભરત ભુપ ભાવે કર્યો, મા૦ ચઉ મુખ ચૈત્ય ઉદાર; ન૦ જિનવર ચોવીશે જિહાં, મા૦ થાપ્યા અતિ મનોહાર. ન૦ મા૦ ૨ વરણ પ્રમાણે બિરાજતા, મા૦ લંછન ને અલંકાર; ન૦ સમના સાથે શોભતા, મા૦ ચિહું દિશે ચાર પ્રકાર. ન૦ મા૦ ૩ મંદોદરી

શ્રાવણ તિહાં, મા૦ નાટક કરતાં વિચાળ; ન૦ ત્રૂટી તાંત તવ રાવણે, મા૦ નિજકર વીણા તતકાળ. ન૦ મા૦ ૪ કરી બજાવી તિણે સમે, મા૦ પણ નવી ત્રોડયું તેતાન; ન૦ તીર્થંકર પદ બાંધીયું મા૦ અદ્ભુત ભાવશું ગાન. ન૦ મા૦ ૫ નિજ લબ્ધે ગૌતમ ગુરૂ, મા૦ કરવા આવ્યા તે જાત; ન૦ જગચિંતામણી તિહાં કીયું, મા૦ તાપસ બોધ વિખ્યાત. ન૦ મા૦ ૬ એ ગિરિ મહિમા મોટકો, મા૦ તેણે ભવ પામે જે સિદ્ધ; ન૦ જે નિજ લબ્ધે જિન નમે, મા૦ પામે શાશ્વત ઋદ્ધિ. ન૦ મા૦ ૭ પદ્મવિજય કહે એહનાં, મા૦ કેતાં કરૂં રે વખાણ; ન૦ વીર સ્વયં મુખે વરણવ્યો, મા૦ નમતાં કોડિ કલ્યાણ. ન૦ મા૦ ૮

શ્રી વજ્રધરજિન સ્તવન ૪.

(નદી યમુનાકે તીરે—એ દેશી)

વિહરમાન ભગવાન સુણો મુજ વીનતી, જગતારક જગનાથ અછો ત્રિભુવનપતી; ભાસક લોકાલોક તિણે જાણો છતિ, તોપણ વીતક વાત કહું છું તુજ પ્રતિ. ૧ હું સરૂપ નિજ છાંડિ રમ્યો પર પુદ્ગલે, ઝીલ્યો ઉલ્લટ આણી વિષય તૃષ્ણા જલે; આશ્રવ બંધ વિભાવ કરૂં રૂચિ આપણી, ભૂલ્યો મિથ્યા વાસ દોષ દઉં પર ભણી. ૨ અવગુણ ઢાંકણ કાજ કરૂં જિનમત ક્રિયા, ન તજું અવગુણ ચાલ અનાદિની જે પ્રીયા; દૃષ્ટીરાગનો પોષ તેહ સમકિત ગણું, સ્યાદ્વાદની રીત ન દેખું નિજપણું. ૩ મન તનુ ચપળ સ્વભાવ વચન એકાંતતા, વસ્તુ અનંત સ્વભાવ ન ભાસે જે છતાં; જે લો-

કોત્તર દેવ નમું લોકીકથી, દુર્લભ સિદ્ધ સભાવ મભો તહ-કીકથી. ૪ મહાવિદેહ મઝાર કે તારક જિનવરૂ, શ્રી વજ્રધર અરિંહત અનંત ગુણાકરૂ; તે નિર્યામિક શ્રેષ્ટ સહી મુજ તારશે, મહાવૈદ્ય ગુણ યોગ રોગ ભવ વારશે. ૫ પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ સુણજો માહરો, તો પામું પ્રમોદ એહ ચેતન ખરો; થાયે શિવપદ આશ રાસ સુખ વૃંદની, સહજ સ્વતંત્ર સ્વરૂપ ખાણ આણંદની. ૬ વળગ્યા જે પ્રભુ નામ ધામ તે ગુણ તણા, ધારો ચેતનરામ એહ થિર વાસના; દેવચંદ્ર જિનચંદ્ર હિદય થિર થાપજો, જિન આણા યુત ભક્તિ મુક્તિ મુજ આપજો.

શ્રી વીરપ્રભુનું દીવાળી સ્તવન ૫.

મારગ દેસક મોક્ષનોરે, કેવલજ્ઞાન નિધાન; ભાવ દયા સાગર પ્રભુરે, પરઉપગારી પ્રધાનોરે. વીર પ્રભુ સિદ્ધ થયા૦ ૧ સંઘ સકલ આધારોરે, હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારોરે, વીર પ્રભુ સિદ્ધ થયા. વીર૦ ૨ નાથ વિહુણું સૈન્ય જ્યુંરે, વિર વીહુણારે જીવ; સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે. વીર૦ ૩ માત વિહુણોરે બાલ જ્યુંરે, અરહો પરહો અથડાય; વીર વિહુણા જીવડારે, આકુલ વ્યાકુલ થાયરે. વીર૦ ૪ સંશય છેદક વીરનોરે, વિરહ તે કેમ ખમાય; જે દિઠે સુખ ઉપજેરે, તે વિણ કેમ રહેવાયોરે. વીર૦ ૫ નિર્યામિક ભવસમુદ્રનો, ભવ અટવિ સથ્થવાહ; તે પરમેશ્વર વિણ મલેરે, કેમ વાધે ઉત્સાહોરે. વીર૦ ૬ વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર; હવે ઇહાં

મુલ આધાર છેરે, અહો જિન મુદ્રા સારોરે. વીર૦ ૭ ઘણું કહી સવિ જીવનેરે, આગમથી આણંદ; સેવો, ધ્યાવો ભવિ જનોરે, જિન પડિમા સુખકંદોરે. વીર૦ ૮ ગણધર આચારજ મુનિરે, બહુને એણિપરે સિદ્ધિ; ભવભવ આગમ સંગથીરે, દેવચંદ્ર પદ લીધરે. વીર૦ ૯

શ્રી સુવિધિનાથ જિન સ્તવન ૧.

(રાગ કેદારો—ઇમ ધનો ધનને પરચાવે એ દેશી)

સુવિધિ જિનેસર પાય નમીને, શુભ કરણી ઇમ કીજેરે; અતિ બહુ ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજેરે સુ૦ ૧ દ્રવ્ય ભાવ સૂચી ભાવ ધરીને, હરખે દેહરે જઇયેરે; દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇયેરે. સુ૦ ૨ કુસુમ અક્ષતવર વાસ સુગંધો, ધુપ દીપમન સાખીરે; અંગ પૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરૂ મુખ આગમ ભાખીરે. સુ૦ ૩ એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતરને પરંપરરે; આણા પાલણ ચિત્ત પ્રસત્તી, મુગતિ સુગતિ સુર મંદિરરે. સુ૦ ૪ ફુલ અક્ષત વર ધુપ પઇવો, ગંધ નૈવેદ્ય ફળ જળ ભરીરે; અંગ અગ્ર પૂજા મિલિ અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરીરે. સુ૦ ૫ સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠોત્તર શત ભેદરે; ભાવ પૂજા બહુ વિધ નિરધારી, દોહગ દુરગતિ છેદરે. સુ૦ ૬ તુરીય ભેદ પડિવત્તી પુજા, ઉપશમ ખીણ સંયોગીરે; ચઉહા પૂજા ઇમ ઉત્તરાધ્યયને, ભાખી કેવળ ભોગીરે. સુ૦ ૭ ઇમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણીરે; ભવિક જીવ કરશે તે લહિશે, આનંદઘન પદ ધરણીરે. સુ૦ ૮

શ્રી પાર્શ્વજીન સ્તવન ૭.

(રાયજી અમે તો હિંદુવાણીરે રાય ગરાસીયારે લો એ દેશી.)

પ્રભુજી આંબલ ગામ મજાર, નમો ભવિ ભાવશું રે લો, પ્રભુજી શ્રી ગાડલિઓ પાસ, જિનેસર ગાયશું રે લો; પ્રભુજી મૂલ કરમના અંત, કર્યા જિણે આઠનારે લો, પ્રભુજી ભેદી ઉત્તર પયડી અઠ્ઠાવન, સયની ગાંઠનારે લો૦ ૧ પ્રભુજી તેહથી પ્રગટી આઠ, ગુણની થાપનારે લો, પ્રભુજી દંસણ નાણ અનંત, અનંત સુખ વ્યાપનારે લો; પ્રભુજી ખાયિક ચારિત્ર શુદ્ધ, અખય અરૂપીપણું રે લો, પ્રભુજી અગુરૂ લઘુ અનંત, અકરણ વીર્યતા ઘણું રે લો૦ ૨ પ્રભુજી સિદ્ધ તણા ગુણ એહ, લહ્યા તુમે ધ્યાનથી રે લો; પ્રભુજી અસંખ્ય પ્રદેશી જીવ, રહ્યા તુમે ગ્યાનથી રે લો; પ્રભુજી વરણાદિક ગુણ વીશ, ખપ્યા તેહથી થયા રે લો; પ્રભુજી અનાકાર અવેદ, અસંગ અમૂરતિ સયા રે લો. ૩ પ્રભુજી ઘાતી અઘાતી આઠ, ખપ્યા ગુણઠાણથી રે લો; પ્રભુજી લહ્યા અનંતા ચાર, રહ્યા અસમાનથી રે લો; પ્રભુજી તુમચો સેવક એહ, રહ્યો સંસારમા રે લો; પ્રભુજી તેહને તારો નહીં કેમ કહો મુજ વાસમા રે લો. ૪ પ્રભુજી તરસું આપે આપ, ઉપાદાન નિદ્ધથી રે લો: પ્રભુજી પણ કહેવું તુમને તે એમ, નિમિત્ત વિશુદ્ધથી રે લો; પ્રભુજી કારણ વિણ ન હોવે કાજ, કહે એમ કેવળી રે લો; પ્રભુજી પુષ્ટાલંબન ધ્યાન ધરે, ભવિકા વલી રે લો. ૫ પ્રભુજી શ્રી ગાડલીઓ પાસ, જપું દીન રાતડી રે લો; પ્રભુજી તજીયે દૂર વિષય,

પરવાતડી રે લો; પ્રભુજી શ્રી વીરચંદ્રનો શિષ્ય, મણુક ગુણ ગાઇયે રે લો; પ્રભુજી ઠવણા ત્રુમચી દેખી, સદા સુખ પાઇયે રે લો. ૬

ઇતિ શ્રી માંડલપુર મંડણ શ્રી ગાડલીયાપાર્શ્વનાથ સ્તવન.

શ્રી મહાવીરસ્વામીજીનું સ્તવન ૮.

પંથીડા સંદેશો દેશો મારા નાથને, વર્ધમાન જે ચોવીશમો જીનરાજ જો; રાજ ઈહાંથી સાત ઉંચો જશવાસ છે, ધ્યાતા નરના બેઠાં હ્રદયામાં માંહી જો. પંથીડા૦ ૧ જે દીનથી પ્રભુ આપ ઈહાથી સીધાવ્યા, તે દીનથી પ્રભુ જ્ઞાન ખજાનો લુંટાય જો; આપે જે નર રક્ષકારક રાખ્યા હતા, તે તો સર્વે આપ કેડે સીધાય જો. પંથીડા૦ ૨ જ્ઞાન અને મનપર્યવ દોય નાશી ગયા, લઘુ ભ્રાતા તસ અવધી જ્ઞાન પણ જાય જો; આવ્યો જ્ઞાન અંધારાને સાથે સહી, પસર્યો ભરતના ચારે ખંડો માંહી જો. પંથીડા૦ ૩ આપે જે પ્રભુ ધર્મવૃક્ષ રોપ્યો હતો, તે તો ખડોખંડ કરી વહેંચાય જો; દીગંબર શ્વેતાંબર આદી અનેક છે, નીજ મતીએ ગચ્છા ગચ્છ કરાય જો. પંથીડા૦ ૪ એના પંથ છતાં એ નૂમો નવ થયો, તેણે કચ્છમાં એક અવધી પંથ જગાય જો; કહે જીનદાસ મુઝાણો પંથ દેખી ઘણા, કયે પંથે પોચું આપ કને સુંધાય જો. પંથીડા૦ ૫

જરૂર

ગાયનો.

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનું ગાયન ૧.

શ્રી સંખેશ્વર મહારાજ વંદન કરીયે રે,
છો આનંદ કંદ જીનરાજ ધ્યાન અમે ધરીયે રે,
અતિ હર્ષ ધરી મન માંહી તુજ ગુણ ગાયે રે,
તારા ચરણ પસાયે આજ પાવન થાયે રે.
જરા નીવારી પ્રભુ જાદવો તણી,
સંકટ સમય કીધી સ્હાય રે,
કર ગ્રહીને પ્રભુ તારજો મને,
ચીત ખરે પ્રીત ધરી વીનવું તને,
કરજો અમોપર મેહેર રે. કર ગ્રહીને પ્રભુ૦
તાલ મૃદંગ વીણ વાદ્ય વજાવે,
રાગ મધુરે સ્નેહી મંડળી ગાવે,
ચંબેલી ફુલ ચડાવે,
દર્શન પુજા કરીને,
ચરણ સેવું પ્રભુ પાર્શ્વ તમારા
તુજ દીઠે હર્ષ વધે અંગ મારા
રસિઆ પ્રભુ મમ પ્યારા. અરજી ઉર ધરો

વીરપ્રભુજીનું ગાયન ૨ જું.

અહાહાહા આનંદ આજે અપાર,
નયણે નીરખ્યો વીર પ્રભુનો દેદાર
રંગ બેરંગી હીરા જડેલી

આંગી ચડાવી અંગ
ભાલ તીલક ને કાનમાં કુંડળ
માંહી જડેલા છે નગ અહ૦
મુર્તિ મનોહર મોહનવેલી
નયણે નીરખી આજ
હવે દયા કર હે ગુણસાગર
જયવંતા જીનરાજ અહ૦
શ્રી સ્નેહી મંડળી માંડલ ગાને
વીનવે વારંવાર
પ્રેમ ધરી પ્રભુજીને પુજીને
મુખ બોલે જયકાર. અહ૦

ગાયન ૩ જું.

(રાગ—છોડો આશું અરે રે.)

ખાઓ આશું અરેરેરે (૨) શામે ઝુકી રહ્યા છે કાળ
જીવડા શાને ડરે છે (૨) કરી લેને ધર્મની પાળ

સાખી.

પાળ ધરમની બાંધીને, સુકૃત્યનું ભર નીર;
કાળ રહેશે ઝુરતો, તરશો ભવજળ તીર.
જૈન જેવો ધર્મ આવ્યો, મનુષ્યાદેહી રત્ન પાયો
કહે કેવી જુગતીની જોડી તારી જોડ,
નહી ખામી કે ખોડ. ખાઓ૦
કર્મ અષ્ટને અલગ કરીને, પ્રભુથી જોડો પ્યાર
રોવા બેસે નહીં વળે, પ્રભુ શરણે થા તૈયાર
મોતથી ડરે શું કરવા, કામ છે પ્રભુથી સરવા

પ્રભુ છે સ્નેહી સામો, કરશે તારી વાર
લેશે ચુંબન ધરી પ્યાર, ધાઓ૦

ઋષભદેવનું ગાયન ૪ થું.

(રાગ—કાલ વાલ ધારી કસ્તુરી વેલા આવજો)

નાથ પ્રેમધારી સેવકને સંભાળજો
સુખી જગતની માયા વહાલા પુજવાને આયા. નાથ૦ ૧
સીદ્ધગીરીના નાથજી સોહામણા, હાં કરો કૃપા જીનેશ્વર સ્યામ
આદીનાથ લઉં હેતેથી ભામણાં હાંકરો ભક્તના પ્રેમથી આહામ
કાયા મારી કર સુખીયારી, રાયનાભીનંદ ટાળો ભવના ફંદ.
નાથ પ્રેમધારી૦ ૨
મારૂદેવી માતા ધન્ય છે, તારે કુખે પ્રભુજી અવતર્યા
મોહ લોભ જગ જાળ છોડી પ્રેમે સીવનારી વર્યા
પોતે તરી તાર્યા અનેક અસંખ્યાત જીવને પ્રેમથી
માનું હું ઉપકાર તારો જો જુવે નજર હેમથી. નાથ૦ ૩

અજીતનાથજીનું ગાયન ૫ મું.

મમ અરજી ધર ધ્યાન
અજીત જીન મમ અરજી ધર ધ્યાન.
હશ કૃપાળુ તમે દયાળુ
અજીત પ્રભુ તુજ દર્શન પ્યારૂં
ધ્યાન સદા તારૂં મનમાં ધારૂં
કેસર ચંદન ચરચું હું અંગ
પુષ્પ ચઢાવું હું અતિ ઉમંગ
તમે કાપો મુજ અજ્ઞાન. અજીત૦

નેમ રાજેમતીનો સંવાદ, ગાયન ૬ ઠું.

(રાગ—ભેખરે ઉતારો રાજા ભરથરી.)

રાજુલ—અરજ સુણોને સ્વામી માહરા,
દીન અબળા પોકારજી;
નથી રે વણસાડયું પતી કોઇનું,
તજી જાઓ કેમ નાથજી. અરજ૦

નેમનાથ—રાજુલ સુણોને કહે નેમજી,
ધાર્યું ધણીનુંજ થાયજી;
વાંક નથી કાંઇ તમ તણો,
વીધીએ લખીયા ઉપાયજી. રાજુલ૦

રાજુલ—વરઘોડે ચડ્યા બહુ હોંશથી,
રૂડા જાદવ સાથજી;
જાન જોડી રે કેમ આવીઆ,
વાલા વેગે ઝાલો હાથજી. અરજ૦

નેમનાથ—સતીરે રહો તમ રાજયમાં,
કરો જપ તપ ધર્મજી;
પરભવે બંધ બાંધ્યા હસે,
છુટે જાળને કર્મજી. રાજુલ૦

રાજુલ—આઠ ભવની મારી પ્રીતડી,
છોડી જાઓ છો કેમજી;
વાંક કહોને સ્વામી માહારા,
રાજુલ કહે છે એમજી. અરજ૦

નેમનાથ—હું રે પરણું તો મારી જીવ ઘણા,
બહુ પામે ઉતપાતજી,

સંસાર છોડી ચાલ્યો જાઉં વો,
પુછે પસુઓની વાતજી. રાજુલ૦
રાજુલ—પસુડા સરવેને છુટા કરૂં,
દુઃખ કોઇને ન થાયજી;
કહો તો સ્વામી અનુગ્રહ કરૂં,
થાઓ પ્રભુ મ્હારા સ્હાયજી. અરજ૦
નેમનાથ—લાખ વાતે રે પરણું નહીં,
નથી ભોગની આસજી;
સંજમ લેઇને આતમા ચેતવું,
ખોળી કાઢું અવિનાશજી. રાજુલ૦
રાજુલ—સંસારે જોબનમાં સાચવી,
વૃદ્ધ થયે લેશું જોગજી;
જોબન કોઇએ નથી સાચવ્યું,
મુકો સર્વે તમે ઢોંગજી. અરજ૦
નેમનાથ—ઢોંગ હોયતોરે નારી બેઠા રહો,
કરો અવરસું નેહજી;
નેહરે જોડ્યો મેં જીનનાથથી,
તોડે સઘળો સંદેહજી. રાજુલ૦
રાજુલ—તમ વીના આ જગતમાં,
સરવે ભ્રાતને તાતજી;
અવર વરૂ આ અવની વીચે,
ચારે હત્યાદીક પાપજી. અરજ૦
નેમનાથ—અડગ અંતઃકરણ તાહરૂં,
જો હોય નાર સુજાણજી;

સાથે આવો રે સંજમ આદરી,
જીંઆનું છે પ્રમાણજી. રાજુલ૦
રાજુલ—સાથે આવું રે સ્વામી માહરૂં,
પુરો મુજ મન કોડજી;
સંજમ લઇશું રે શુભ ધ્યાનથી,
સોભે આપણી જોડજી. અરજ૦
કવી—ચારીત્ર પાળી રે કેવળી થયા,
બંને જોડ નરનારજી;
સેવક રતનસી વીનવે,
સ્નેહી મંડળ તારજી. અરજ૦

સુપાર્શ્વનાથનું ગાયન ૭ મું,

સુપાર્શ્વ સેવા મલો, સો સાથ કરો,
હર્ષ ઉર ધરો (૨) કાજ શીઘ્ર કરો (૨) હાં હાં હાં સુ૦
પિતા પ્રતિષ્ટ રાજા, અવતાર છે
મુક્તિહાર છે (૨) તારનાર છે (૨) હાં હાં હાં સુ૦
દેવી માતા પૃથ્વી અતી સુરી
વણારસી જન્મધારી (૨) વરષાં તાંજ ઠરી (૨) હાં (૩) સુ૦
લંછન શોભે, શાથીઓ અતી સારો
રત્નાગીરીને તારો (૨) સર્વે દુઃખને વારો (૨) હાં (૩) સુ૦

અનંતનાથજીનું ગાયન ૮ મું.

(રાગ લલીત છંદ.)

અનંત નાથરે, શું કહું તુને, તારજે હવે, પાપથી મને

અરર એ પ્રભુ, પાપમેં કર્યાં, નથી હજુ સુધી તેહુતો ખર્યા
પણ સેવા થકી, તાહરી હવે, તરીશ હું ખરે આજ આ ભવે
વીનતી એટલી, આપને કરૂં, સ્તવન તાહરૂં ચીત્તમાં ધરૂં
તુજ સેવા કર હોંશ પ્રેમથી, અનંતનાથના સુપસાયથી.

મલ્લીનાથજીનું ગાયન ૯ મું.

(રાગ--કોઈ બીકુ ઉડાવો આવીને મેદાન.)

સુણ અરજી અમારી મલ્લી પ્રભુ આજ
પ્રભુજી આજ રાખો હેનેથી લાજ સુણુ૦ ૧
કુંવાળ દેશમાં ભોયણી ગામ છે,
ત્યો દીધા થયા સાના શીરતાજ. સુણુ૦ ૨
કેવલ પટેલ કુવો ગાળતા હતા ત્યાં
વગડાવ્યા વાલ વગડામાં નીસાન. સુણુ૦ ૩
ગાળનારા વીચાર કરવાને બેઠા
હેઠું જુવે તો દેખ્યું ઝાકઝમાલ. સુણુ૦ ૪
જોડું પડયુને પ્રભુ આપો આપ ભાળ્યા
દર્શન થતાં ખુશી થયો સમાજ. સુણુ૦ ૫
કેવલ પટેલનો અંધાપો ટાળીઓ
ટાળ્યો બધો રોગ આપીશું સુખ આજ સુણુ૦ ૬
અનેક જીવનો ઉદ્ધાર કર્યો પ્રીતે
પ્રીતી રાખી મારા સુધારો કાજ સુણુ૦ ૭
જૈનનો છેવટની હૃદયે ધરીને,
આપો સુખડાં ગરાબનીવાજ સુણુ૦ ૮
ગાંધી રતનશી વીનતી કરે છે,

આપો ભવદધી તરવાને જહાજ. સુણુ૦ ૯
સેવાનો ભુખ્યો ભટકું આ ભવમાં,
આપોને આપો સેવા જીનરાજ. સુણુ૦ ૧૦

કેસરીયાનાથજીનું ગાયન ૧૦ મું.

વાવા કેશરીઆ મુરત પ્યારી, પાવાપુરીએ પરોપકારી;
કહું નાથ જોડું હાથ, આવું સાથરે. વાવા૦ ૧
કેવું પુનમચંદ જેવું મુખ, દર્શને જાય ભવનું દુઃખ;
વાહ વામા માતા તારી કુખરે. વાવા૦ ૨
શોભે ઉપરીઆળી એસ્વામી, નહીં દેખાય કાંઈ ખામી;
બધા જગમાં કીર્તી જામીરે. વાવા૦ ૩
ધન્ય અશ્વસેનના નંદ, છો સદા આનંદ કંદ;
હવે ટાળો ભવના ફંદરે. વાવા૦ ૪

નેમનાથનું ગાયન ૧૧ મું.

(રાગ—પાતલીઆ પરિશ્રમ હયોને.)

નેમ પ્રભુ મુખ જોઈ તમારૂં, ખુશી થાએ મુજ મન,
પ્રભુ ધન્ય છે
પ્રમુદવિજય કુલ નેમ જીનેશ્વર, હસ્ત જોડી નમુ ધન,
પ્રભુ ધન્ય છે
.ીવાદેવી જાયા, તોરણ આવ્યા, મનુષ્ય લોભાવ્યા.
પા............જગપતી, મારીવતી. નેમપ્રભુ૦
રાજુલ—(મારા કુળનો ધારો દેખાડશો કે.)
નેમનાથ—વાહ વાહ આવી રીતે મેણાં દેશો કે)
આઠ ભવની પ્રીત વીસારી, વરૂં નહીં હું અન્ય.
પ્રભુ ધન્ય છે. નેમપ્રભુ૦

આ..............ભુલીસતી, પ્રાણપતી. નેમપ્રભુ
રાજુલ—(પ્રભુ મને આગ છાંડી જશો કે)
નેમનાથ—(વાહ હજુ માયા મુકાતી નથી કે)
પાછા વળ્યા નહી એકજ ધ્યાને, ગાયા ગીરીવરધન
પ્રભુ ધન્ય છે.
નેમપ્રભુ મુખ જોઇ તમારૂં, ખુશી થાય મુજ મન,
પ્રભુ ધન્ય છે.

સંખેશ્વરા પાર્શ્વનાથનું ગાયન ૧૨ મું.

(રાગ—ધીમા ધીમા નાચોને મારા પ્રાણ.)

સેવા આપો શંખેશ્વરા શ્યામરે
ના કહેશો તો જીવડો આ નક્કી જશે,
દુઃખી બહુ થશે, જુઓ આમરે સેવા૦ ૧
વામાનંદા મહેરબાની કરોને આવું,
પર દુઃખભંજન પદવી છેજ તારી;
સેવા આપી જીંદગાની કરોને પ્યારી, કરો કામરે સેવા૦ ૨
જાદવ સૈન્યે જરા તુજ નામે ગઇ,
સેવા વગર આ જીવડો દુઃખ ખમે, જપું નામરે સેવા૦ ૩
કાશી દેશના રાજા રૂપાળા ધણી
વણારશી જન્મ તમારો ગણી
આવે લેવાને ભક્તિ પારશમણી, રાખી હામરે સેવા૦ ૪
હવે છેવટની અમારી એવી
ગણી પ્રજા તમારીને સેવા દેવી
રહું આનંદે જગમાં તમ ચરણ સેવી, કરી કામરે સેવા૦ ૫

(શ્રી નેમનાથ સ્વામીનું ગાયન ૧૩ મું.)

(રાગ—બેખરે ઊતારો રાજા ભરથરી.)

તાર પ્રભુ તાર મુજને, જગજીવન જીનરાજજી,
સરણે આવ્યો વીભુ તાહરે, કર જોડીને આજજી;
અરજ સુણોરે નેમીનાથજી. અરજ૦ ૧
ક્ષમા કરોરે પ્રભુ માહરા, આવ્યાં વાંક અપારજી
કરૂણાનીધી કરૂણા કરી, ઊતારો ભવજલ પારજી અરજ૦ ૨
તરણ તારણ જીન તુજને, નમુ વાર હજારજી
પરમ પ્રભુ પરમાત્મા, મુજ દુરિત પ્રહારજી અરજ૦ ૩
મુક્તી આપી જીનનાથજી, સારો સેવક કાજજી
વીશ્વપતી તુજને નમે, સ્નેહી મંડલ આજજી અરજ૦ ૪

ગાયન ૧૪ મું.

(રાગ—આજ આવી રાજ હજુરમાં.)

પ્રભુ પાર્શ્વને કરી વંદના, દુઃખ માહરા મેં ગમાવીઆ
પાર્શ્વ શામળો મુજ નાથ છે, મારી જીંદગી તેને હાથ છે
જીવ માહરો તેને શાથ છે કર્મ માહરાં ઉદય આવીયાં પ્ર૦ ૧
શંખેશ્વરા છબી મન વશી મારે ન્યુનતા રહી નહી કશી
કર્મદળ મારા ગયા ખશી મને ભક્તિ સુધારશી ભાવીઆં પ્ર૦ ૨
અવર દેવતો મુને ના ગમે તારા ગુણથી દુઃખડા શમે
છબી તાહરી અંતર રમે અર્જ કરવાને ઘંટ બજાવીઆ પ્ર૦ ૩

મલ્લીનાથજીનું ગાયન ૧૫ મું,

(રાગ—પાથરૂના નૃપ.)

હલી પ્રભુજી નથી તુંજ તોલે, અવર ઉપગારી

નીરખી મુરતી તારી, મુજ લાગે પ્યારી પ્યારી
અતી મનોહર શોભે, તેજ ભાનું સારી. મલ્લી૦
છો પ્રભુ પ્રભાવતી જાયા, કુંભ નૃપ કુળે આવ્યા
સકલ સુરલોકે હુલરાવ્યા, કંચન નીલમણી કાયા
જન્મ મીથીલા નગરી સારી, અવર ઉપગારી મલ્લી૦ ૨
સમેત શીખરે જોગજ સાધો, રત્નાગીરીને હરખજ વાધ્યો.
સહસ પંચાવન વરસે, કેવળ ઉત્તમ પદ પાયો
પંચાવન સહસ્ત્ર સાધુ સંગે, વરીયા શીવનારી. મલ્લી૦ ૩

પાર્શ્વનાથજીનું ગાયન ૧૬ મું,

(રાગ—ન કરરે અરે હો કાલી કોયલડી ટહુકાર.)

મન ધરરે અરે હો હો પ્રભુ પામરનો પોકાર
મોહ રાયે ઘેર્યો આવાર વાલા ભવજળ પાર ઉતાર મન૦ ૧
પરદુઃખભંજન વામા જાયા અશ્વસેનના કુમાર
વણારશી જન્મ કાશીના રાજા, આ જીવના છો આધાર મન૦ ૨
કમઠ હરાવી એક ક્ષણમાં, નાગને તારી લેનાર
કૃષ્ણા દળની જરા નીવારી સંખેશ્વર વસનાર મન૦ ૩
રમતાં રમતાં ભવમાં ભમતાં નામ સુણ્યું કીરતાર
નામના જાણી સરણે આવ્યો દયો સરણે આવાર. મન૦ ૪

પાર્શ્વનાથજીનું ગાયન ૧૭ મું,

(રાગ—આશા તારાં વચનો આશ)

પાર્શ્વ તારી મુરતી સારી, નયણે નીરખતાં
ભ્રાંત ભાગી મારા મનનીરે આજે પાર્શ્વ૦
કાશી દેશ વણારસી જન્મ તમારો
અશ્વસેન ઘર અવતારીરે આજે પાર્શ્વ૦ ૨

નાગદેવ તારી વાલા કમઠ ઉગાર્યો
જાદવની તો જરાનો નીવારીરે આજે પાર્શ્વ૦ ૩
પરદુઃખભંજન પદવી તમારી
દુઃખી અવસ્થા કરો ન્યારીરે આજે પાર્શ્વ૦ ૪
શંખેશ્વરો નાથ હૃદયે, વસ્યો છે અમારે
વામાનંદ પરે જાઉં વારીરે આજે પાર્શ્વ૦ ૫
ગાંધી રતનશી ડુંગર પોકારે
આજે વીદીત કરો મારીરે આજે પાર્શ્વ૦ ૬

નેમરાજેમતી સંવાદ ૧૮ મું,

(રાગ—વાલા વેગે આવોરે)

રાજુલ—વેલા આવો વાલારે, કરું છુ કાલાવાલારે, સુણોને અરજી નેમજી હોજી.
આઠ ભવની પ્રીતી છોડી મન જાઓ (૨) વેલા૦ ૧

સાખી.

આઠ ભવની પ્રીતડી, સંભારોને શ્યામ
નવમો ભવ નવ મેલીએ, કુંવારી મુંજ મન.

નેમનાથ—નહીં આવું પ્યારીરે, ભક્તિ લાવી સારીરે, સુણોને રાજુલ સુંદરી હોજી.
જો આવું તો જીવ પશુઓના જાય (૨) નહી૦ ૨

રાજુલ—છુટા કરું પશુ સર્વને, દુઃખી થાય ન લગાર
પાછા વળો પ્રીતમ તમે, મારા આત્માના આધાર
નથી વાલા મારો દોષરે, શાને કરો છો રોષરે,
મારે કંઠે પડીઓ શોષરે હોજી.
સંજમ સ્વામી જુવાનીએ નહીં સમવાય (૨) વલા૦ ૩

સાખી.

જુવાનીએ વીલુ સુખ કરો, દુઃખ ન ધરવું જરાય
વૃદ્ધપણે સંજમ ધરી, લેશું ભોગ આ કાય.

નેમનાથ—કાલ કોને દીઠીરે, માયા કોની થનારીરે અવસર
ચુકે તે ગાંડીઆ હોજી.
અરે ગાંડા થઇ રખડે છે રાનોરાન (૨) નહીં૦ ૪

સાખી.

રાજુલ—હવે હદ થઇ વાલમાં, મુજ છાતી ફાટી જાય,
સંજમ શ્રવણે સાંભળી, દીલમાં ઉઠે લાય.
વાંક નથી કાંઈ તમારોરે, છે તુમ કુલનો એ ધારોરે,
નારીના જીવતર બાળવા હોજી.
જો જાણુત તો પહેલેથી બાંધત પાળ (૨) વેલા૦ ૫

સાખી.

ઉતારી ઉંડા કુપમાં, દોર વાઢો નહી નાથ,
ચાનક લાગે ચીત્તમાં, હેતે લ્યો સંગાથ.

નેમનાથ—હું ધારૂં એવું મનમારે, ચાલો સંમાતે વનમાંરે,
સંજમ લ્યો સાથે સુખથી હોજી.
છે એ મોટો સુખનો સાગર ભંડાર (૨) નહીં૦ ૬

સાખી.

રાજુલ—સંજમ ધારી હેતથી, કરૂં મોક્ષ સંગાથ,
શોકય જોવાને સંચરૂં, આસા પુરો જગનાથ.

નેમનાથ—ચાલો વહાલી સહેસા વનમાંરે, થયો ઉછરંગ
મારા મનમાંરે; આ ભવના ફંદો કાપશો હોજી.

રાજુલ—ચાલો વહાલા થઇશ સહુની હું દાસ (૨) વેલા૦ ૭

સાખી.

કવી—હું સેવક છું તાહરો, તું પ્રભુ મારો શ્યામ,
રત્નો ગુંજને વીનવે, મુકું નહીં તુજ નામ.
આપો ભક્તી મુને સ્વામીરે, રાખો ચરણે શીવગામીરે
કહું છું હરદમ મુજ બાપલા હોજી.
નહીં આગો તો ન કો આ જગમાં આધાર (૨) આગો૦ ૮

પાર્શ્વનાથનું ગાયન ૧૯ મું.

(રાગ—ક્ષત્રીકલંક.)

કાશી દેશ વણારસીના નૃપ, અરજ સુણો આજ મારીરે.
માથે છત્ર ધરે સહસ ફણો સર્પ, અરજ૦
અશ્વસેન રાયના કુલચંદ, અરજ૦
પ્રભુ તાર્યા હેતે પામર વૃંદ, અરજ૦
માતા વામા તણારે કુમાર, અરજ૦
મારા દુઃખ તણો આણો તમે પાર, અરજ૦
નાગ નાગણીની ઉગારી જોડ, અરજ૦
કમઠ પાપીઆની કાઢી નાંખી ખોડ, અરજ૦
ધર્યું પરદુઃખભંજન નામ, . અરજ૦
તેવું ધારી આવ્યો ધાસીને હામ, અરજ૦
કરો સુખી હું તો દુઃખીયો અપાર, અરજ૦
મારા કર્મ તણો હજુ નાવ્યો પાર, અરજ૦
સંખેશ્વરા ધીસ જુઓ આદીસ, અરજ૦
છુપાવી ઘણો રાખીશ ન રીસ, અરજ૦
જેમ ચાહું તેમ તું આઘો જાય, અરજ૦
તેમ તેમ મુજ દીલ દુઃખી થાય, અરજ૦

કરો કૃપા હવે ઓ જીનનાથ, અરજ૦
ડુબ્યો ડુબ્યો વાલ હેતે ઝાલો હાથ, અરજ૦
રતનો અરજી કરે આ વખત, અરજ૦
સુણો બેશી ત્રીજગતના તખ્ત અરજ૦

શંખેશ્વરા પાર્શ્વનાથસ્વામીનું ગાયન ૨૦ મું.

(રાગ—વાલા વેગે આવોરે.)

શંખેશ્વરા સ્વામીરે, કરું હું શીરનામીર,
આવ્યો હું શરણું તારજો હોજી.
નહી તારોતો વાલા, નથી કો જગમાં આધાર, શંખે૦

સાખી

કાશી દેશના રાજવી, અશ્વસેન કુમાર,
વણારશી પાવન કરી, ધન્ય જન્મ અવતાર.
ધન્ય વામા કુખ તારીરે, અવતરીયા છે ધારાધાર,
આ જગ સર્વેને તારજો હોજી.
આવ્યા છો તો, તારો જાણીને તાર, શંખે૦

સાખી

પરદુઃખભંજન પદ તમે, ધરાવ્યું ધરણી માંહ્ય,
તો મુજ દુઃખ દુરે કરો, બેકો તુજને સહાય.
નાગદેવને તાર્યોરે, સમેત શીખર જોગ ધાર્યોરે,
શીવનગરીને જીતવા હોજી.
જીત્યા છોતો, આપો થોડુંક મને ઠામ, સંખે૦

સાખી

જન્મ દીધો કંગાલમાં, વલી કાયા દુરબલ કીધ,
ગુન્હો કર્યો દેવો અમે, સુખ હરી દુઃખ બહુ દીધ.

માતા પીતા ભાઈ લીધારે, એકલડા રહેવા દીધારે,
આ જગમાં દુખડા પામવા હોજી.
પાર્શ્વ પ્યારા, કૃપા કરી દુઃખ મુજ કાપ, સંખે૦

પાર્શ્વનાથસ્વામીનું ગાયન ૨૧ મું.

(રાગ—વિમલા નવ કરશો ઉચાટ.)

પ્યારા પાર્શ્વ નમીને આજે, કહું હસ્ત જોડીનેરે.
અશ્વસેન રાજાના નંદન, વામા માતા કરીએ વંદન
કરો પ્રભુ દુઃખ નિકંદન, કહું હસ્ત જોડીનેરે પ્યારા૦
કાશી દેશના નૃપ, વણારશીમાં જન્મ તમારા;
કરો સુખ જીવ અધારા, કહું હસ્ત જોડીનેરે પ્યારા૦
લંછન શર્પનું શોભે સારૂ, દેખીને મન મોહ્યું મારૂં;
ધ્યાન તારૂ ચીત ધારૂં, કહું હસ્ત જોડીનેરે. પ્યારા૦
નાગદેવ પાપી ઉગાર્યો, કાળ ક્રોધને હેતે માર્યો;
મેં હવે ધણી તુજ ધાર્યો, કહું હસ્ત જોડીનેરે. પ્યારા૦
તારો તો આવ્યું છે ટાણું, પરદુઃખભંજન તુજને જાણું,
આપો અડગાક નાણું, કહું હસ્ત જોડીનેરે પ્યારા૦
લક્ષ્મી વીણુ જગમા છે કેવું, જગ વચને છે મરવા જેવું;
આપો પ્યારા બસ માગુ એવું, કહું હસ્ત જોડીનેરે. પ્યારા૦
નાણું ને સેવાનો મોટો, આપો તો ઉપગાર છે મોટો;
નથી વીચાર મમ ખોટો, કહું હસ્ત જોડીનેરે. પ્યા૦

પાર્શ્વનાથજીનું ગાયન ૨૨ મું.

(રાગ—ડરમાં તું દીલ સાર.)

કરજોડી કહું નાથ પાર્શ્વજીન, કરજોડી કહું નાથ.

વેગે ઝાલોને હાથ પાર્શ્વજીન, કરજોડી કહું નાથ.
અશ્વસેન રાજાના નંદન, વામા જાયા તુને કરીએ વંદન.
પુજા કરૂં લઈ કેસર ચંદન, કઠણ કર્મ કરો નિકંદન.
સરણે ર્હયો ત્રીજગનાથ, પાર્શ્વજીન કરજોડી કહું નાથ.
નાગ નાગણીની જોડ ઉગારી, દુખ્યાં દળની જરા નીવારી.
પરદુઃખભંજન પદવી તમારી, આવ્યો શરણે હું આશાધારી;
પકડયો નહીં મેલું હાથ, પાર્શ્વજીન કરજોડી કહું નાથ.

મહાવીરપ્રભુનું ગાયન ૨૩ મું.

(સ્વીકારો સલુણી મારા પ્રેમની નીછાળ રે.)

એ એ સંભારો મહાવીર જીન પ્રીત અમારી
આ સાહીબા શું તાણી તોડાવો
એ જો સાજના નીચમે બંધાણા અમે તો
આ છેતરી કાં નાથજી છોડાવો
તું મારો દાતા હું સેવક સદાનો પ્રાણાધાર
સાથે સાક્ષી મન જાણ કરૂં જીવનું પ્રમાણ
લઈશ શેવા તારી લઈશ શેવા તારી. એ સંભારો૦

ચોવીશ તીર્થંકરનું ગાયન ૨૪ મું.

(વારે થા વીઠલા વેલોરે.)

જીનપતી અરજી અમારી, દીલમાં પ્રીતે લેવું ધારીરે
નમે તુને પ્રજા તમારીરે. (૨)
રીખવદેવ શેત્રુંજા વાસી, કરજો લીલા લહેર
મહીમા સુણીને શરણે આવ્યો, તારો કરીને મહેર
મહેરબાની કરજો સારી. દીલમાં૦ ૧

અજીતસ્વામી તારંગાવાલા સંભવ સુખના ધામ
અભીનંદન અભેવચન આપો, આવો અમારે ગામ
ગામડી દેખો અમારી   દીલમાં૦ ૨
સુમતિપદ્મ સુપાર્શ્વ જીનેશ્વર, ચંદ્ર આઠમાં દેવ
સુવીધી શીતલ દશમે જાણ્યા, શ્રેયાંશની કરૂં સેવ.
સેવાતો લાગી પ્યારી,   દીલમાં૦ ૩
વાસુપુજ્ય પછી વીમલ થયા, વલી અનંત ધર્મ ઇશ
શાંતિ કુંથુ અરમલ્લી જીનેશ્વર, મુનીસુવ્રત જીનવીશ
વીશેને વંદના મારી.   દીલમાં૦ ૪
નમીનાથને બાવીશમા નેમજી, રાજુલ કેરા કંથ;
પરણું પ્રેમ પડતું મુકી, લીધો ગીરનારનો પંથ
રાજુલ કરે તરવા તૈયારી,.   દીલમાં૦ ૫
પાર્શ્વપ્રભુ શંખેશ્વર રાજા, પરદુઃખભંજન પ્રાણ
નાગ જોડી બળતી ઉગારી, કમઠે માની આણ
આણ માનું પ્રેમથી તારી.   દીલમાં૦ ૬
વર્દ્ધમાન જીન ચોવીશ માને, વંદુ વાર હજાર
જીન પડીમા વંદાને હરદમ, ઉતરવા ભવ પાર
પાર કરો કહું પોકારી,   દીલમાં૦ ૭
વડા ગણધર વર્દ્ધમાનના, ગૌતમ ગુણની ખાણ
બાજા દશ એક એકથી ચડતા, માનીએ તેહની આણ;
આણ કરો પ્રેમથી પ્યારા, દીલમાં૦ ૮
ભવજળ તરવા પાર ઉતરવા, ધરવું જીનનું ધ્યાન,
ચોવીશજીન એકાદશ ગણધર, વધારશે વર્દ્ધમાન;
માન દેજો પોતાના ધારી.   દીલમાં૦૯

ગાંધી રતનશી ડુંગરશી હું માંડલ મારો મુકામ,
એકલો ઉભો ભવ દરીઆમાં, શ્રવણે પડયું તુજ નામ.
નામના જાણી તમારી. દીલમાં૦ ૧૦

ગાયન ૨૫ મું.

(સખીઓ વીજ નીજ નૌતમ ધર્મ સદા સંભાલીયેરે.)
જૈનો સુણજો મારી વીનતી તમે ઉરમાંરે
હૈયે ધારો નીતે ચોવીશ જીનના નામ
જેથી ઉતરીએ ભવ સીંધુ પલ વારમાંરે

સાખી

રીખવ અજીત શંભવપ્રભુ, અભીનંદન જગરાજ
સુમતી પદમ સુપાર્સને ચંદ્ર આપે સુખસાજ
સેવો સેવો જૈનો સર્વે ઉમંગમાંરે
ગણજો અનુક્રમે આઠે જીનરાજ
આશો પુજન કરવા આપણ સર્વે સાથમાંરે. ૧
સુવીધી શીતળ શ્રેયાંસને, વાસુપુજય જગબાપ
વિમળ અનંત ધર્મ થયા, શાંતિ દુઃખડા કાપ.
પહેલા આઠ વલી આઠ બીજા થયારે
એવા અનુક્રમે ગણો જીનજી સોલ,
આશો પુજન કરવા આપણ સર્વે સાથમાંરે. ૨

સાખી

કુંથુ અર ને મલ્લી છે, મુનીસુવ્રત જીનવીશ.
નમી નેમને પાર્શ્વજીન, વર્દ્ધમાન ચોવીશ.
સોળ થયા વલી આઠ આ હૃદયે ધરોરે

એવા જીન પ્રભુ ગણીએ ચોવીશ
ચાલો પુજન કરવા આપણ સર્વે સાથમાંરે. ૩

ગાયન ૨૬ મું.

(રાગ—આવો આવો અલબેલી—એ રાગ.)

આવો આવો ધર્મ ઘેલા, મીત્રો ન વેલા,
નીત્ય જીન પુજા આરાધવા.
પાવો પાવો પ્રભુ વેલા, ભક્તીરસ રેલા,
જીવને સ્વર્ગમાં પહોંચાડવા.
પ્રેમ ભક્તીથી નાથ રીઝાવું, વીવીધ વિધીએ આંગી બનાવું,
ચુકું નહી નામ ત્રીકાલ, જી હાં હાં હાં હાં.
પ્રભુ અમે તમારાજ બાળ, જી હાં હાં હાં હાં.
પાળ પ્યારા પાળ પ્યારા પાળ, જી હાં હાં હાં હાં.
આવો આવો ધર્મ ઘેલા, મીત્રો ન વેલા,
નીત્ય જીન પુજા આરાધવા.

ગાયન ૨૭ મું.

(રાગ—માઢ.)

ચાલો મીત્રો ચાલો, ભક્તીનો ભાલો, હાથમાં ઝાલો,
મંદીર જાવા કાજ.
મોક્ષપુરીનો પ્યાલો પાસે વાલો, દીન દયાલો,
રાખશે તારી લાજ.
અસરણ સરણ અજરામર પોતે, ભલે બીરાજે નાથ
નમન કરી લ્યો નિર્મળ મનથી, બીડા ભક્તિની બાથ હાલો૦ ૧
કેસર ચંદન કસ્તુરી ઈંચી, માલતી ફુલની માળ
અંગે ઓપાવી પ્રભુજીને પુજો, લેશે તારી સંભાળ. હાલો૦ ૨

જગત જંજાળને દુર કરીને, પ્રભુથી જોડો પ્યાર
દ્રઢ મનથી પ્રભુજીને આરાધો, ભવથી ઉતારે પાર. હાલો૦ ૩
જૈન શાસન સર્વ ધર્મમાં મોટું, નીષ્કપટી જીનરાય
શ્રદ્ધા રાખો સુદ્ધ હૃદયથી, ડુબતાં ઝાલો બાંહ્ય. હાલો૦ ૪

ગાયન ૨૮ મું.

(મુને સહાય કરશે મોરારી રે.)

પ્રભુ આસા પુરી દયા લાવીરે, દાસ ચરણે નમે નીત આવી,
કાયા મારી કરો સુખ યારી, આસા મને સદા તારી.
ભરૂંસો તારી પ્રીતીનો હમેશાં, વેહ હોયનો જુવો મને તાવી;
મોક્ષપુરીની મીઠી મીઠાઈ, દ્રઢ મનથી પ્રભુ મારે ખાવી રે.
ગમ ખાવી ભક્તી ગાવી, હવે લગની લાગી છે તમારી;
વીદ્યાદેવી વીદ્યા આપો ભગતને, ભક્તીની પ્યાલી મનેભાવી
છેલ્લી માગણી આપો મને તો, દો રતનાને સુખીયો બનાવી રે

ગાયન ૨૯ મું.

(બંધ કીહ્દો બાપુ સો કામ.—એ રાગ.)

સેવક સર્વે આજે મળ્યા છે (૨) લેવા પ્રભુ તારૂં નામ (૨)
અમેજ ગુણુજ ગાઇએ રે, તારનારો બાપુ છે તું સ્યામ.
આજ સર્વેને આનંદ દહાડો (૨) જામી રહી ગુલતાન (૨)
અમે સુખથી ઉચરીએ રે, તારનારો બાપુ છે તું સ્યામ.
નામ તમારૂં લેતા અમારૂં (૨) દુઃખ ટળે ઘનસ્યામ (૨)
અમે ગુણુજ ગાઇએ રે, તારનારો બાપુ છે તું સ્યામ.
સુત સ્વામીનો સેવક આજે (૨) પ્રેમે કરે ગુણુ ગાન; (૨)
અમે સુખથી ઉચરીએ રે, તારનારો બાપુ છે તું સ્યામ.

ગાયન ૩૦ મું.

(આદીતે અરિહંત.—એ રાગ.)

રહ્યા હસ્ત જોડી મહારાજ, જીન તુમ સામે રે;
તનું હેતે કરી અરદાસ, દુઃખડા વામે રે.
નથી અકલ મારામાં લગાર, કહું શીરનામી રે;
સીદ રીસાવો છો મહારાજ, રહી નથી ખામી રે.
દુઃખ પાડયું તેં મહારાજ, હેતેથી વીડારી રે;
ગયા માતુ પીતુ સુખ સામ, ભાઈ સંહાર્યો રે.
રહેમ કરો હવે હદ થઇ, અંતના સાથી રે;
શીખામણ સારી આપ, ભીડભંજ ભાથી રે.

અજિતનાથની લાવણી.

શ્રી અજિતનાથ મહારાજ, ગરીબ નિવાજ, જરૂર જિનવરજી; (૨) શેવક શિર નામી, તને ઉચ્ચારે અરજી. એ આંકણી. ૧ કર માફી મારા વાંક, રઝળીઓ શંક, અનંતા ભવમેં, (૨) આવ્યો છું તાહારે શરણે બળી દુઃખ દવમેં; ક્રોધાદિક ધુર્ત્તા ચાર, ખરેખર ખાર; લાગ્યા મુજ કેડે, (૨) વળી પાપી માહારો નાથ છેક છંછેડે; આ સુજરો મુજ ભગવાન, કરૂ ગુણગાન, ધ્યાનમાં ધરજી. (૨) સેવક૦ ૨ મેં ...ણું કર્યાં છે પાપ, સુણજો આપ, કહું કરજોડી, (૨) મુજ ...ડામાં ભગવાન, ભુલ નહીં થોડી; જીવહિંસા અપરંપાર, ...ી કિરતાર, હવે શું કરવું, (૨) જુઠું બહુ બોલી સાચને ...ું કરવું; તુજ ખોળામાં મુજ શિશ, જાણ જગદિશ, ગમે

તે કરજી. (૨) સેવક૦ ૩ મેં કર્યાં બહુ કુકર્મ, ધર્યો નહ ધર્મ, પૂરણ હું પાપી, (૨) અવળો થઇ તહારી આંણ મેં ઉથાપી; હું મૂરખ નિંદા ગણી, મુનિવરતણી, કરી હરખ ચો; પરદારા દેખી લબાડ મેં લલચાયો; કિંકર કહે કેશ લાલ, આણીને વહાલ, દુઃખ તું હરજી. (૨) સેવક૦ ૪ ઇતિ

સ્તુતિઓ.

(સ્થુલીભદ્ર મુનીગણમાં સીરદાર જો.—એ રાગ.)

ચોવીસ જીનવર જીન મતના આધારજો,
જીનમતે સેજે ઉતારે ભવ પારજો;
પાર ઉતારી અક્ષય સુખડાં આપશેજો. ૧
માટે જીવડા ચોવીસ જીન સંભાલજો,
કોણ થયાને કોણ ઘરે અવતારજો;
શું લંછન છે કોણ નગરી પાવન કરીજો. ૨
પ્રથમ જીનવર શ્રી આદીશ્વર દેવજો,
મારૂ દેવી માતા નાભી પીતા સુખ મેવજો;
વૃષભ લંછન પ્રભુજીના પાએ શોભતુંજો. ૩
વિનીતા નગરી જન્મ પ્રભુનો જાણજો,
શેત્રંજય ગીરીવર ગયા નીર્વાણજો;
કેવળ લઇ શોભાવ્યો શેત્રંજય ગીરીજો. ૪
અજીતનાથતો બીજા પ્રભુ કહેવાયજો,
પીતા જીતસત્રું રૂડી વીજયા માયજો;
અયોધ્યા નગરી વાલીડે પાવન કરીજો. ૫

કરી પાવન પ્રભુજી તારંગા વાલાજો,
દયા કરો પ્રભુ અજીતનાથ દયાળજો;
લંછન હાથી ભાળી લોભાયો આ જીવડોજો ૬
ત્રીજા સંભવ સાવથ્થી નગરીના ભૂપજો,
તોરી લંછનવાળા સુંદર તારૂં રૂપજો;
રૂપેને ગુણેરે વાલા મોહી રાગોજો. ૭
મોહ્યા છે જીતારી જગ ભુપાળજો,
શેના માતા ધન્ય તમારા બાળજો.
તારો નંદ તે માથા મુગટ માહરોજો. ૮
ચોથા અભીનંદન સંવર ઘેર અવતરિઆજો,
સિદ્ધાર્થમાતા વિનીતામાં પરવરીયાજો;
બંદર લંછન ભાળ્યું છે એ બાપલાજો. ૯
સુમતિનાથ છે કોશલપુરીના વાસીજો,
મંગલામાત. છીએ દર્શનના પ્યાશીજો;
મેઘરાયપીતા લંછન કોંચપક્ષી સુણ્યુંજો. ૧૦
પદ્મપ્રભુ સુશીલામાતાના જાયાજો,
પીતાધર રાજા કોશંબી નગરી આયાજો;
લંછન રાતા કમળે છ્ઠા પ્રભુ જાણીઆજો. ૧૧
સુપાર્શ્વ જીનવર પ્રતિષ્ઠરાયના કુમારજો,
પૃથ્વીમાતા વણારસી અવતારજો;
સાથીઆ લંછન લઈ પ્રભુજી અવતર્યાજો. ૧૨
ચંદ્રપ્રભુ માતા લક્ષ્મણાના નંદજો,
મહાસેન પીતા ટાળો ભવના ફંદજો;
ચંદ્રપુરી જન્મ ચંદ્ર લંછન પ્રભુજીતણુંજો. ૧૩

સુવિધિ કાકંદી નગરી માત્રા રામાજો,
સુગ્રિવ પીતા પડેરાવો પ્રભુને જામાજો;
મગરમચ્છ લંછનથી પ્રભુજી સોભયાજો. ૧૬
શીતુલનાથશું શીતલ તાહ્રી છાંયાજો,
નંદામાતા દ્રઢરથરાય ઘરે આયાજો;
શ્રી વત્સ લંછનથી ભદિલપુર નગરી ભાવતીજો. ૧૫
શ્રેયાંસ જીનવર જનમ્યા વિશ્નુકુખેજો,
સિંહપુર નાગરી અચ્છેય શું કહું મુખે જો;
વિશ્નુપીતા ખડગિ લંછન ભાળીયુંજો. ૧૬
વાસુપુજય તે વસુપુજયરાયનાં બાળજો,
જયામાતા ચંપાપુરી ભુપાળજ;
મહીષ લંછન ભાળ્યું પ્રભુના પાયથીજો. ૧૭
વિમલનાથ કૃતવર્મ રાયનાં બાલજો,
સ્યામામાતા કંપીલપુર નગરી વાલાજો;
સુવર લંછન દેખ્યું બાલા નજરથીજો. ૧૮
અનંતનાથ અનતા જીવને તારીજો;
શેંચાણો લંછન અયોધ્યા નગરી સારીજો;
સુયસામાતા સિંહસેન પીતા તાહરેજો. ૧૯
ધર્મનાથ જીનવર્મ ધ્વજા ઉચાવીજો,
વજર લંછન રત્નપુરીમાં આવીજો;
સુવ્રતામાતા ભાનુ પીતા જેને ભમીયાજો. ૨૦
શાન્તિનાથજી શાન્તિ જગમાં વ્યાપીજો,
અચીરાનંદા નર્કગતીને કાપીજો;
લંછન હરણનું સોહ્યું પ્રભુજી પાસમાંજો. ૨૧

શુણ જીનવરજી અથીના ઉરના રાયાજો,
વીશ્વસેન નંદન લાગુ તારે પાયાજો;
પાયલાગું કહું વાલા બેડો તારજોજો. ૨૨
કુંથુ શ્રીમાતા સુરરાજા કુલદીવાજો,
ગજપુરી જન્મ્યા દ્યો મોક્ષરસ પીવાજો;
બોકડો લંછન ભાળી મનડું મોહી રહ્યુંજો. ૨૩
દેવીના જાયા નાગપુરીના રાજજો,
સુદર્શન પીતા કહું સુધારો કાજજો;
નદાવર્તશા લંછન જાણ્યું અરપ્રભુજો. ૨૪
મલ્લીપ્રભુ કુંવરી અવતાર ધરીઆજો,
કુંભકુળે જઈ ઉતર્યો, ભવરૂપ દરીઆજો;
પ્રભાવતીમાતા મુખડું ભાળી લોભીઆજો. ૨૫
માતા લોચ્યા જગત લોભાવ્યો જાણીજો,
મીથિલાનગરી કલસ લંછન પ્રમાણીજો;
પ્રભુ બીરાજે ઓગણીસમા બોયણી ભણીજો. ૨૬
વીસમા મુનીસુવ્રત, પદ્માના જાયાજો,
સુચિત્રરાજા રાજગીરીના રાયાજો;
કાચબો લંછન ભાલ્યો તારા વાવલેજો. ૨૭
નમીનાથ તે વીપ્રામાતા જાણુંજો,
વીજયરાય મહીલા નગરી પ્રમાણુંજો;
નીલકમળનું લંછન સુખથી ભાવીએજો. ૨૮
બાલ બ્રહ્મચારી નેમ પ્રભુ કહેવાયજો,
સોરીપુર નગરી સમુદ્રવીજય કુલ આયજો;
શીવાદેવી માત સંખ લંછન જાણ્યુંજો. ૨૯

પાર્શ્વપ્રભુના અનેક નામ જણાયજો.
જુદા રૂપે જુદી જગ્યાએ ગણાયજો;
હું જાણું નહીં શી રચના તેની કહુંજો. ૩૦
જાણ્યું તેવું કહું છું જગના નાથજો,
બણારસી જન્મ તાર્યો જાદવ સાથજો;
સર્પ લંછન લઈ વામાકુખે અવતર્યોજો. ૩૧
અવતરીઆ અશ્વસેન કુળના દીવાજો,
પુજન કરૂં વાલા ભક્તિરસને પીવાજો;
પીવા આવ્યો પીઓ પ્રીતે બાપલાજો. ૩૨
ચોવીસમા પ્રભુ વર્ધમાનજી થાયજો,
બીજું નામ તે મહાવીર ગણાયજો;
સીદ્ધારથ નંદન તે જૈનશાસન ધણીજો. ૩૩
ત્રીસલા જાયા કરો કૃપા જગસ્યામજો,
સાધું જો પ્રભુ એકવારનું આમજો;
સિંહલંછન ક્ષત્રીકુંડમાં પ્રભુ અવતર્યાજો. ૩૪
અવતરીને તાર્યા પ્રાણી અનેકજો,
સર્વ તાર્યા પ્રભુ ભુલ્યા જીવડો એકજો;
આ એક જીવડે શી સેવા ઓછી કરીજો. ૩૫
કદીન કરીશું ભુલ આવી છે મારીજો,
ભુલ થઇ હોય પ્રભુજી નાંખો વીસારીજો;
નહીં વીસારો વાલા આ જીવડો દુઃખી થશેજો. ૩૬

જીવને શીખામણ વિષે.

જીવ તું શીદને ભમતા કરે, કર્મ વીણ કોડી ક્યાંથી મળે;

ગયા ભવમાં પુન્ય કર્યાં તો, શેજે શેજે મળે;
પુણ્ય કર્યા વીણુ આશા કરો તો, કયાંથી આવી મળે. જીવ૦ ૧
જુઓ એક શ્રીસુદર્શન, શુલી સીંઘાશન કરે;
સતી સુભદ્રા ચારણી બાંધી, કુવે જલતો ભરે. જીવ૦ ૨
નેમપ્રભુ રાજુલને મેલી, ગીરનારે જઈ કરે;
ધ્યાન ધરીને બેઠા જ્યારે, શીવસુંદરી તો વરે. જીવ૦ ૩
ઇલાયચી પણ મુનિને દેખી, દીલમાં ચીંતવન કરે;
કર્મશત્રુ હઠાવ્યા ત્યારે, અવીચળ સુખતો મળે. જીવ૦ ૪
ધુતારા થઇ ધુતવા બેઠા, નાખે ફાંસીઓ ગળે;
એ કયાઇની આશા રાખે, પુન્ય કયાંથી ભળે. જીવ૦ ૫
માટે જીવડા પ્રભુ ઓળખી, બેઠા ભજન કરે;
રતનશીના નાથનું નામ લેતાં,મનવંછીત સુખ ફળે.જીવ૦ ૬

જીવને શીખામણના છપ્પાઓ.

છપ્પો. ૧ સવાલ.

જગમાં જનમી જીવ, સુકૃત તેં કેવું કીધું;
જગમાં જનમી જીવ, સુખપરને શું દીધું.
જગમાં જનમી જીવ, શેવા કેણ દેવની કીધી;
જગમાં જનમી જીવ, શીખ કેણ ગુરૂની લીધી.
ઉત્તર માગશે એટલા, પ્રભુતણા દરબારમાં;
માટે જીવ ચેતી રહે, જમ માથા જંજાળમાં.

છપ્પો ૨ જવાબ.

જગમાં જઇને નાથ, સુકૃત શુભનું નહીં કર્યું;
જગમાં જઇને નાથ, આર્યો આવેલા સાર્યું.

જગમાં જઈને નાથ, શેવા કુદેવની કીધી;
જગમાં જઈને નાથ, શીખ ખુનીઓની લીધી,
સવાલતણો જુવાબ છે, પ્રભુ ખુશી થાઓ તેમ કરો;
ગુન્હેગાર થયો હું હેતથી, દયા કરી દુઃખ મમ હરો.

છપ્પો ૩ ગુન્હેગારને શીક્ષા.

પાપે ભર્યાં તે પગ, સુખ શામાટે માગે;
પાપે ભર્યાં તે પગ, જમની મોઘરીઓ વાગે.
પાપે ભર્યાં તે પગ, નર્કની ખાણે જાઓ;
પાપે ભર્યાં તે પગ આયુષ્ય લગી દુઃખીયા થાઓ;
ગુન્હેગારને શીક્ષા, એટલી ઓછી જાણજે;
આયુષ્ય પુરૂં ભોગવી, કૃત્યના ફળ તું માણજે.

છપ્પો ૪ જીવની ક્ષમા.

બે કર જોડી નાથ, ક્ષમા માગુ છું પ્યારા;
બે કર જોડી નાથ, કહું છું જીવ આધારા.
નીતી ઝાલી સહાય, ધર્મ પણ સાથે રાખું;
સુકૃતનો કરૂ સંગ, જુઠ કદીએ ન ભાખું.
આપ કહો તેમ હું કરૂં, સાથે સાચુ કહીએ અમો;
જીંદગી બક્ષો સુખની, શામાટે દુઃખીને દમો.

છપ્પો ૫ દરેક અંગ શામાટે આપ્યા છે.

ચાલવાં આપ્યા ચર્ણ, જીનમંદીરે જાવા;
સુખ દાંતને જીભ, આપી છે પ્રભુ ગુણ ગાવા.
હસ્ત આપ્યાં બે બાહ્ય, સુપાત્રે દાનજ દેવા;
કર્ણ આપ્યા જીનશાસ્ત્ર, ગુરૂની વાણી લેવા.

સાર અસારનું પારખું, કરવા હ્રદય આપ્યું ખરે;
ઉલટે રસ્તે ચાલીને, પાપનો ભાર તું કેમ ભરે.

છપ્પો ૮

પાપે ભરેલો ભાર, ઉચકી હજુરમાં જાશો;
જમ રાજાના માર, અરે પ્રભુ પાશે ખાશો.
પસ્તાવો અપરંપાર, વિચારો દીલમાં જરીયે;
મનુષ્યા દેહ અવતાર, કદી નહીં આવે ફરીયે.
અવસર ફરી નહીં આવશે, પ્રભુ ભજન કરવા તણો;
તન છુટી જીવડો જશે, પછી પસ્તાવશો ઘણો.

રાગ સવૈયા.

શ્રી જીન ચોવીશી નીત નમતાં, પ્રથમ ગ્રંથમે પાડયો છે બાર;
સર્વ વાત એ મહેર પ્રભુની, માટે નમો સૌએ આ વાર. ૧
રૂકીવાન નર હાથ ગ્રહીએ, ગ્રંથને આશ્રય આપો આજ;
કીત અમારૂ થાશે નક્કી, સુધરસે સઘળા અમ કાજ. ૨
મીઠું બોલી અલગ ન રહેશો, ભુલ કહી ઉઘાડો કાન;
એક તરફી વાત કરો તો, અમને છે આખર નુકશાન. ૩
મનમાં જો ઉત્તેજન દેવા, ઇચ્છો તો છે તમ આભાર;
દંડવત કરી કહે સ્નેહી, મીત્રમંડળ સૌને આચાર. ૪
લખતાં લખતાં ભુલ રહેલી, વાંચો સુધારી નરનાર;
શ્રીજીન ચોવીશી નીત નમતાં, પ્રથમ ગ્રંથ પાડયો છે બહાર. ૫

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર સદ્ગ્રહસ્થોનાં મુબારક નામોનું લીષ્ટ.

માંડલ.

૫ વોહરા સકરચંદ ડાયાભાઇ
૫ શા. સતચંદભાઇ મગનલાલ
૫ શા. વાડીલાલ રાજપાળ
૫ શા. લીલચંદભાઇ મગનલાલ
૩ વોહરા જગજીવન ચુનીલાલ
૨ શા. દેવશીભાઇ ચતુર્દાસ.
૨ શા. મોહનલાલ ગોવીંદજી
૫ વોહરા રાયચંદ ભવાનદાસ
૮ વોહરા વાડીલાલ કેવળશી
૦ શા. રતીલાલ મગનલાલ
૫ વોહરા આણંદજી પોપટલાલ
૫ વોહરા ભોગીલાલ તલકશી
૮ વોહરા ડોશાભાઇ લાડકચંદ
૫ શા. શોભાગ્યચંદ છગનલાલ
૫ સંઘવી કાળીદાસ કાનજીભાઇ
૫ દોશી કુલચંદ માવજીભાઇ.
૫ દોશી બાલચંદ મગનલાલ
૫ વોહરા જગજીવન ભીખાભાઇ
૫ વોહરા સામજી અમૃતલાલ
૩ શા. વાડીલાલ દેવચંદભાઈ
૩ દોશી વર્દ્ધમાન કપુરચંદ
૩ શા. છોટાલાલ હરખચંદ
૩ શા. અમૃતલાલ કાળીદાશ
૩ વોહરા ચીમનલાલ વાડીલાલ
૩ વોહરા સોમચંદ આશાભાઇ
૩ શા. ઓધડભાઇ રતનશી
૩ વોહરા ગલાબચંદ લખમીચંદ
૨ વોહરા મંગળદાસ વાડીલાલ
૨ બાગરીઆ નાગરદાસ માનસંગ
૨ શા. કેશવલાલ ચતુરભાઇ
૨ શા. મણીલાલ ઊમેદચંદ
૨ ગાંધી માનચંદ હરચંદ
૨ શા. માણેકલાલ પુરશોતમભાઇ
૨ ગાંધી રતનશી નથુ
૨ શા. આશાભાઇ ચુનીલાલ
૨ શા. ધનજી પુરશોતમ
૨ વોહરા ચુનીલાલ દેવશીની
દીકરી બેન સકરી
૨ ગાંધી કસ્તુરભાઈ મગનલાલ
૨ શા. મગનલાલ બાવનજી
૨ દોશી છગનલાલ માવજીની

દીકરી બેન કેવળી
૨ શા મદનલાલ જુદરશી
૨ કોઠારી ખેતશી આણંદજી
૨ પ્રાઇવેટ એંગ્લોવર્નાક્યુલર સ્કુલ ના હેડ માસ્ટર—પરશુલાલ મોહનલાલ
૨ વોહરા પોપટલાલ વખતચંદ
૨ શા. મનસુખભાઇ ખુશાલચંદ
૨ શા. પ્રેમચંદ શાંતીદાશ
શા. રાયચંદ હકમચંદ
૨ વોહરા બાલચંદ લલ્લુભાઇ
૨ શા. ડોસાભાઇ દામોદરદાશ
૧ વોહરા ચમનલાલ જેચંદ
૧ વોહરા મણીલાલ કેવલસી
૧ શા. ગાંડાલાલ રાજપાળ
૧ દોશી પોપટલાલ અમૃતલાલ
૧ સંઘવી હીરાચંદ ગુલાબચંદ
૧ શા. મણીલાલ ધારશીભાઇ
૧ શા. ત્રીકમલાલ જીવરાજ
૧ શા. ચીમનલાલ ઊમેદચંદ
૧ શા. લખમીચંદ નથુભાઇ
૧ શા. હસમુખભાઇ છગનલાલ
૧ કંદોઇ મોહનલાલ ત્રીભોવનદાસ
૧ શા. ખાલચંદ મગનલાલ
૧ ગાંધી શીવલાલ કપુરચંદ
૧ દોશી કાળીદાસ કસ્તુરભાઇ
૧ શેઠ ચુનીલાલ લલ્લુભાઇ
૧ કંદોઇ મગનલાલ ત્રીભોવનદાસ
૧ શા. ગુલાબચંદ હરખચંદ
૧ વોહરા પ્રેમચંદ ચતુરદાશ
૧ પારેખ મણીલાલ દેવશીભાઇ
૧ કંદોઇ રાજપાળ મેઘજીભાઇ
૧ બારોટ છગનલાલ શીવલાલ
૧ બારોટ તરભોવન ભુદરજી
૧ ભાવસાર મોહનલાલ ઇચ્છાચ
૧ પુરાણી છગનલાલ ત્રીભોવનદાસ
૧ ભાવસાર મયાચંદ મોહનલાલ
૧ શા. કેશવલાલ અમૃતલાલ
૧ ભાવસાર ગુંઝા નથુભાઇ
૧ શા. ધારશીભાઇ ચકુભાઇ
૧ શા. નગીનદાસ લલ્લુભાઇ
૧ કોઠારી બાયચંદ પુરશોતમ
૧ દોશી મંગલદાશ હઠીસંગ
૧ શા. ખેલાભાઇ અમુલખદાસ
૧ શા. વાડીલાલ અમૃતલાલ
૧ શા. મગનલાલ જોઇતારામ
૧ દોશી મણીલાલ તલકશી
૧ દોશી પ્રેમચંદ ચતુરદાસ

૧ શા. લાલચંદ હાંસરાજ
૧ શા. સોમચંદ સુંદરજી
૧ સંઘવી પરભુદાસ પોપટલાલ
૧ શેઠ લધુભાઈ મોનજી
૧ શેઠ ટાકરશી લવજીભાઈ
૧ શા. મેઘજી પ્રેમચંદ
૧ શા. નાગરદાસ મગનલાલ
૧ શા. સુરચંદ વેલશી
૧ કોઠારી સોમચંદ પુરશોતમદાસ
૧ શા. ધનજી દેવચંદ
૧ શા. નેપાલચંદ જેઠાલાલ
૧ શા. નરશીભાઇ રાજપાળ
૧ શેઠ સુખલાલ મોનજી
૧ શા. દલસુખભાઇ ધારશીભાઇ
૧ શા. ભિજમશી દેવચંદ
૧ શા. આશાભાઇ લાડકચંદ
૧ શા. ચીમનલાલ જસરાજ
૧ વોહરા ગુલાબચંદ ભાયચંદ
૧ દોશી પરભુદાસ ડાહ્યાભાઇ
૧ વોહરા કેવળશી ચતુરદાસ
૧ દોશી આશાભાઇ રતનશી
૧ શા. મલુકચંદ ખેમચંદ
૧ શા. દીપચંદ હીરાચંદ
૧ વોહરા કપુર મલુકચંદ
૧ વોહરા તલકશી રામજી
૧ શા. છોટાલાલ વખતચંદ
૧ દોશી કાળીદાસ વાલજી
૧ શા. નગીનદાસ કુંવરજી
૧ શા. નાગરદાસ મનસુખભાઇ
૧ ગાંધી ઉમેદ નાનચંદ
૧ શા. મણીલાલ ઓતમશી
૧ શા. મફતલાલ ઉજમશી
૧ શા. મુળચંદ નાગજી
૧ દોશી ગુલાબચંદ તેજપાળ
૧ શા. મુળચંદ તેજપાળ
૧ શા. બગાન શોભાગચંદ
૧ શા. મગનલાલ ઘેલાભાઇ
૧ બારસાર વીઠલદાસ ગોવીંદજી
૧ શા. પ્રેમચંદ છગનલાલ
૧ શા. વાડીલાલ રંગજી
૧ શા. સાકળચંદ કેવળદાસ
૧ શા. સુંદરભાઇ વખતચંદ
૧ શેઠ રતનશી મેઘજીભાઇ
૧ શા. કસ્તુર હંસરાજ
૧ શા. જીવરાજ સુંદરજી
૫ શા. શકરચંદ મગનલાલ

રાણપુર.

૪ શા. ફુલાભાઇ દીપચંદ

૮ શા. પોપટલાલ સુરચંદ
૪ શા. માણેકલાલ વર્દ્ધમાન

બનારસ.

૩ વોહરા વાડીલાલ ડાહ્યાભાઇ (માંડલવાલા)
શેઠ. પ્રભુદાસ દીપચંદ (દાઠાવાલા)
૧ ભગવાનદાસ જસવિમલજી
શા. વાડીલાલ સાંકળચંદ (પાટણવાલા)

દીલ્હી.

૫ શા. મોહનલાલ પાનાચંદ (સીહોરાવાલા)

દેહગામ.

૧ શા. મોહનલાલ હાથીભાઇ

હરસોલ.

૧ શા. અમૃતલાલ કેવળદાસ
૧ શા. મણીલાલ લલ્લુભાઈ

વીરમગામ.

૫ શા. મગળદાસ હકમચંદ
૨ શા. કેશવલાલ ઠાકરાભાઇ
૧ શા. ડાહ્યાભાઇ લલભાઇ
૧ શા. ગુલાબચંદ ભેજપાળ
૧ દોશી ભોગીલાલ ત્રીકમદાસ
૧ મહેતા લાલચંદ વાલજીભાઇ
૧ શા. રતીલાલ છગનલાલ
૧ શા. રાયચંદ ડુંગરશી
૧ સંઘવી કાનજી ચતુરદાસ
૧ શા. ચીમનલાલ લલ્લુભાઇ
૧ ભાવસાર મુલચંદ કેવલદાસ
૬ ભાવસાર મોહનલાલ મુળચંદ
૨ શા સકરચંદ ડુંગરશી
૧ શા. ઉજમશી જીવરાજ
૧ શા. બુધીલાલ કસ્તુરચંદ
૧ શા. મફતલાલ માણેકચંદ
૧ મહેતા લાલચંદ વાલજી
૧ પારી ચીમનલાલ ભીખાભાઇ

પાટડી.

૮ શા. પીતાંબર ગગલચંદ
૫ શેઠ કરસન ધાનચંદ
૫ વોરા ફકીરચંદ જીવરાજ
૫ પારી. મફતલાલ ગોકલદાસ
૫ વોરા સકરચંદ પ્રેમચંદ
૫ શા. શીવલાલ લલ્લુભાઇ
૫ શ્રી જૈનધર્મતિલક પાઠશાળા
૫ વોરા કેશવજી હાંસરાજ
૫ શા. સકરચંદ કાળીદાસ
૨ શા. વાડીલાલ મગનલાલ

૨ શા. ચુનીલાલ કસળચંદ
૨ શા. બોથાલાલ જેમલભાઇ
૧ દોસી પોપટલાલ હંસરાજ
૧ શા. નેમચંદ બાવળ
૧ વીરા સાંકળચંદ છગનલાલ
૧ પુજારી પરશોતમ અમરતલાલ
૧ શા. ધરમશી ઉજમશી
૧ શા, મોહનલાલ લલ્લુભાઇ
૧ શા. મકતલાલ સોભાગ્યચંદ
૧ શા. લલ્લુભાઇ છગનલાલ
૧ શા. નરશીભાઇ સોભાગ્યચંદ
૧ શા. કુંવરજી મુલજી
૧ શા. મોહનલાલ વેણીદાસ
૧ દોશી કરશન હંસરાજ

માલવણ.

૧૧ ગાંધી ખેતસી મોતીચંદ
૫ ગાંધી ચુનીલાલ લક્ષ્મીચંદ
૨ ગાંધી નરસી બેચરદાસ
૨ શા. પ્રેમચંદ લાકચંદ
૧ શા. ખેમચંદ ભિકાભાઇ

કલાડા.

૩ શા. ડામરશી છગનલાલ

અમદાવાદ.

૧૧ ઝવેરી પુરશોતમદાસ મગનલાલ
૧૧ મોદી રતીલાલ નગીનદાસ
૧ શા. સકરચંદ કસ્તુરભાઇ
૨ કાપડીઆ શકરલાલ દલાભાઇ જૈન શ્વે. મુ. બો. ના સુપ્રીન્ટેન્ડેન્ડ
૧ શા. ચીમનલાલ કેવળદાસ
૧ દોસી જેઠાલાલ મગનલાલ
૧ શા. નેમચંદ ગટાભાઇ
૧ દલાલ રતીલાલ મગનલાલ

ધરમઠ.

૧ શા ઉજમશી જીવરાજ

સાણંદ.

૧૦ એક વિદ્યાર્થી.
૨૦ માસ્તર જયન્તીલાલ મોસરજી મારફત
૧૫ શા. માણેકલાલ નાથાલાલ
૧૧ શા, મફતલાલ કાળીદાસ
૫ શા. મંગળદાસ બાલચંદ
૫ મહેતા ગફુલભાઇ નરશીભાઇ
૪ શા. મણીલાલ સુખલાલ
૭ મહેતા દીપચંદ ભુરાભાઇ
૪ મહેતા બુધાલાલ ભુરાભાઈ
૩ મહેતા મંગળદાસ મગનલાલ
૪ મહેતા મંગળદાસ અપરસી
૩ મહેતા કસ્તુરચંદ પોપટલાલ

૬ શા. ભોગીલાલ બાલચંદ
૩ શા. સુખલાલ જેમલભાઇ
૪ મહેતા મગનલાલ બાપચંદ
૪ મહેતા ટોકરશી મગનલાલ
૫ મહેતા પોપટલાલ વાડીલાલ
૩ મહેતા મોતીલાલ અમરશી
૩ મહેતા નથુભાઇ સાંકળચંદ
૫ શા. કેશવલાલ લલ્લુભાઇ
૧ લાલુભાઇ વિશ્વનાથ પંડીત
૨ મહેતા સકરચંદ પોપટલાલ
૧ મહેતા જેચંદ માનચંદ
૧ મહેતા મણીલાલ ધરમશી
૧ મહેતા અભેચંદ પોપટલાલ
૧ શા. મરતલાલ દીપચંદ
૧ શા. વાડીલાલ પુંજાભાઇ
૬ શ્રી જૈન યુવક મંડળ
૩ મહેતા અમૃતલાલ રવચંદ
૨ શા મરતલાલ બાપુભાઇ
૧ પટેલ નાથાલાલ પરસોતમદાસ

વડગામ.

૧ ગાંધી મોહનલાલ લલ્લુભાઇ
૧ શેઠ નીઆલ પુરૂસોતમદાસ
૧ શેઠ અમૃતલાલ નાગજી,
૧ શા. લલ્લુભાઇ માનસંગ
૧ શા ચતુરભાઇ છગનલાલ

ઉસાડા.

૭ શા. મણીલાલ અમુલખ
૫ શા. મોહનલાલ લલ્લુભાઇ
૫ શા. પોપટલાલ ડાહ્યાભાઇ

દાસોદી.

૧ શા. મોહનલાલ લલ્લુભાઇ
૨ શા. અમીચંદ આણંદજી
૧ દોશી કાળીદાસ મેઘજી
૧ શા. ગોપાળદાસ મનોરદાસ
૧ શા. કમળશી પુંજાભાઇ
૧ શા. ગોવીંદજી લાડકચંદ

દહાણુ.

૧ શા. મણીલાલ ખેતસીભાઇ
૧ શા. છગનલાલ ઓતમદાસ
૧ શા. જેઠાલાલ ડાહ્યાભાઇ

ઝીંઝુવાડા.

૨૦ શ્રી જૈનધર્મોત્તેજક ૫ (ઞ્ઞા-
બાદ હેડમાસ્તર દાસોદ ની-
વાશી ભાઇ સુખલાલ રવ-
જીભાઇ.

જામનગર.

૫ શેઠ હીરાચંદ રવજીભાઇ

વેંછણુ.

૩ વોરા ભાયચંદ લલ્લુભાઈ

૪ શા. મોહનલાલ જેમલ

૩ શા. પોપટલાલ લલ્લુભાઇ

ઝાંઝરવા.

૨ દોશી દલસુખ બાલચંદ

ગોધાવી.

૨ શા. છગનલાલ અમૃતલાલ

૧ શા. ચીમનલાલ લલ્લુભાઇ

૧ શા. અમૃતલાલ સુંદરભાઇ

૧ શા. કેશળશી જેઠાલાલ

૧ શા. કકલભાઇ કેવળદાસ

સંખેશ્વર.

૨ શેઠ વખતચંદ ખોડીદાસ

વણોદ.

૧ શેઠ ભીખાભાઇ વરવાભાઇ

૧ શા. પ્રેમચંદ કમ્મુભાઈ

૧ શેઠ મગનલાલ મયાચંદ

૧ શા. હઠીસંગ રામચંદ

દાંતીસાણા.

૧ શા. મુળચંદ ભગવાન

૫ ત્રીકમ મોહનલાલ

૫ શા. પ્રભુદાસ મયાચંદ

મેથાન.

૧ પારેખ હઠીસંગ કાળીદાસ

સોલાપુર.

૧ સાંકળચંદ જુઠાભાઇ

૧ શા. મોહનલાલ સાંકળચંદ

૧ શા. નગીનદાસ છગનલાલ

૫ શા. રાજપાલ જીવરાજ

સીતાપુર.

૧૧ શા. અમુલખ મુલચંદ

પેથાપુર. (મહીકાંઠા.)

૨ શા. ચંદુલાલ લવજીભાઇ

૨ પરીખ રસીકલાલ છોટાલાલ

૨ મહેતા લાલભાઇ ડાહ્યાભાઇ

૧ ડોકટર માણેકલાલ મગનલાલ

ખેડા.

૧ ડોકટર બાપાલાલ મોતીચંદ

૧ વકીલ જેઠાલાલ ચુનીલાલ

૧ શા. સાંકળચંદ બાપાલાલ

વડાલી (મહીકાંઠા.)

૧ મહેતા મગનલાલ માધવજી

ઉનાવા. (પાટણ.)

૧ શા. વાડીલાલ પીતાંબર

[illegible]. (વીસનગર.)

૧ શા. અંબાલાલ ત્રીભોવનદાસ

પ્રાંતીજ.

૧ કોઠારી ડાહ્યાભાઈ લલ્લુભાઈ

વીજાપુર. (ગુજરાત.)

૧ મુ.શા. વાડીલાલ ચુનીલાલ

ધારીસણા. (રણીમાલ પાસે)

૧ શા. દલપતરામ મગનલાલ

મણુંદ. (પાટણ.)

૧ શા. નથુચંદ ચુનીલાલ

વિજ્ઞપ્તિ.

પ્રિયવાંચકો આ લઘુ પુસ્તક અમારા તરફથી પ્રથમ બહાર પાડવામાં આવેલું છે. તો તે વાંચનાં કાંઇ ભુલચુક જણાયતો સુધારીને વાંચશો.

લી. પ્રસીદ્ધ કર્તા.

પુસ્તક મળવાનું ઠેકાણું.

શ્રી સ્નેહી મીત્રમંડળ.

માંડલ. (તા. વીરમગામ.)